ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ: ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 74 ■ અંક : 08 ■ તારીખ : 20, જુલાઈ, 2026 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad Unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા યોજિત ગામનું અનાજ ગ્લોબલ માર્કેટ સુધી- સહકારી સેમિનાર

## દેશના ખેડૂતોની ખેત પેદાશો વિશ્વ બજારમાં વેચાય અને તેમની સમૃદ્ધિ વધે તે માટે શ્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી રચાયેલી NCEL – શ્રી ઘનશ્યામભાઈ અમીન

ભાવનગર : ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા સહકાર મંત્રાલયની રચનાના પાંચ વર્ષ પૂર્ણ થયાં નિમિતે તારીખ 29/06/2026 થી 06/07/2026 સુધી સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ લિ.ની જાણકારી દિવસ અને સહકાર સપ્તાહ સમાપન કાર્યક્રમ શ્રી વૈકુંઠભાઈ મહેતા તાલીમ કેન્દ્ર,





ભાવનગર – નારી મુકામે તા. 06 – 07 – 2026ના રોજ રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો.

સેમિનારના પ્રમુખ સ્થાનેથી રાષ્ટ્રિય સહકારી આગેવાન અને રાજ્ય સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીને સહકાર સપ્તાહ ઉજવણી સમાપન કાર્યક્રમમાં ઉજવણીના મહત્ત્વને સમજાવતાં જણાવ્યું હતું કે, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સમૃદ્ધિ અને આત્મનિર્ભરતા લાવવા 'સહકારથી સમૃદ્ધિ'નું સૂત્ર આપ્યું છે. એટલે તેઓ પણ માને છે કે, સહકારી પ્રવૃત્તિથી રાષ્ટ્ર સમૃદ્ધ બની શકશે. આ

## સરકારશ્રીની ખેડૂતલક્ષી યોજનાઓનો લાભ લઈ ખેડૂતોએ સમૃદ્ધ બનવું જોઈએ : શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

વિઝનને સાકાર કરવા ગૃહ અને પ્રથમ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ સહકારી ક્ષેત્રમાં મહત્વનું પરિવર્તન જોવા મળી રહ્યું છે. શ્રી અમિતભાઈ શાહે 75 વર્ષની રાષ્ટ્રિય સહકારી પ્રવૃત્તિમાં જે ઉણપો હતી તેનો ઊંડો અભ્યાસ કરી વિવિધ રાષ્ટ્રિય કક્ષાની સહકારી સંસ્થાઓ ઊભી કરી તથા અન્ય ઈનેસેટિવ પગલાંઓ લઈ તે પૂર્ણ કરી રહ્યાં છે. ખેડૂતોના હિતોને પ્રોત્સાહન આપવા સહકાર મંત્રાલયે મલ્ટી સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ





હેઠળ વિવિધ અમ્બ્રેલા સંસ્થાઓની રચના કરી છે, જેના કારણે દેશના ખેડૂતો, સહકારી મંડળીઓ અને ગ્રામ્ય અર્થતંત્રને વેગ મળ્યો છે. સહકાર મંત્રાલયની રચનાના પાંચ વર્ષ પૂરાં થયાં છે, તેથી તેના દ્વારા કરવામાં આવેલ કામગીરીની સિદ્ધિઓની જાણકારી આપવા આ સેમિનાર યોજવામાં આવ્યો છે.

આજના સેમિનારની વિષય વસ્તુ નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ લિ. (NCEL ) અંગે માહિતી આપતા શ્રી અમીને જણાવ્યું કે, ખેડૂતોને તેમના પેદાશોના પુરતા ભાવ મળતાં નહોતા. તેથી શ્રી અમિતભાઈ શાહે ખેડૂતોનો (ગામનો) માલ ગ્લોબલ બજારમાં વેચાય અને ખેડૂતોને તેના સારા ભાવ મળી રહે તે માટે રાષ્ટ્રિય કક્ષાની સહકારી સંસ્થાઓ પાસેથી શેરભંડોળ મેળવી એનસીઈએલની રચના કરી છે. આ સંસ્થા સાથે આજે દેશની 13,000થી વધુ સહકારી મંડળીઓ જોડાયેલી છે. પહેલાં જ વર્ષે સંસ્થાએ માતબર નફો કરી 20 ટકા ડિવિડન્ડ વહેચ્યું હતું. વર્ષ 2025-26 દરમિયાન સંસ્થાએ 5500 કરોડ રૂપિયાથી વધુનું ટર્નઓવર નોંધાવ્યું છે. ખેડૂતો પાસેથી 36 પ્રકારની કૃષિ પેદાશો ખરીદીને 28 દેશોમાં વેચાણ કર્યું છે, આ સંસ્થા દ્વારા અનાજ, શાકભાજી, ફળફળાદી, મિલેટસ વગેરેની નિકાસ કરવામાં આવે છે. તેથી રાજ્યના ખેડૂતોએ તેની સાથે જોડાઈને ગ્લોબલ બજારોનો લાભ લઈ આર્થિક રીતે સમૃદ્ધ બનવું જોઈએ.

ખેડૂતો આર્થિક રીતે સમૃદ્ધ બને તેવા શ્રી અમિતભાઈ શાહના પ્રયાસને યાદ કરતાં વધુમાં શ્રી અમીને જણાવ્યું હતું કે, ખેડૂતોને સારું બીયારણ મળી રહે તે માટે રાષ્ટ્રિય કક્ષાની સહકારી સંસ્થા ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL) ની રચના કરવામાં આવી છે. જેના દ્વારા ખેડૂતોને સારામાં સારા બીજ પૂરા પાડવામાં આવે છે. આ ઉપરાંત દેશમાં ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા અને ઓર્ગેનિક ખેતી કરતાં ખેડૂતોને તેમની ખેત પેદાશોના સારા ભાવ મળે તે માટે નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL)ની રચના કરવામાં આવી છે. આમ શ્રી અમિતભાઈ શાહે ખેડૂતોના હિતમાં અનેક પગલા ભરી અનુભવી અને સફળ સહકારી મંત્રી તરીકે નામના મેળવી છે.

સરકારશ્રીના સહકારથી સમૃદ્ધિના પ્રયત્નોમાં સાથ સહકાર આપવા સૌને અપીલ કરતાં શ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે, આમ સરકાર ખેડૂતોની સમૃદ્ધિ અને આત્મનિર્ભરતા માટે વિવિધ પગલાં ભરી રહી છે ત્યારે વિશ્વ બજારમાં આપણી નામના થાય તે માટે આપણે સૌએ સહભાગી બની, સારા બીયારણનો ઉપયોગ કરી નિકાસ કરી, શકાય તેવા હાઈજેનિક ખેત ઉત્પાદનો ઉગાડવા જોઈએ. ખેત પેદાશોની ક્વોલેટી જાળવીએ, તેનું સારું પેકિંગ કરી, અને સારા ભાવ મેળવી આત્મનિર્ભર બની સમૃદ્ધ બનીએ.

આ સેમિનારનું દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કરતાં પૂર્વ સહકાર મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, માનનીય નરેન્દ્રભાઈ મોદીએ ગામડાના ખેડૂતનો વિકાસ કરવા શું કરવું જોઈએ તેવો વિચાર કરી, સહકારી ક્ષેત્રનું મહત્વ સમજી નવું સ્વતંત્ર સહકાર મંત્રાલય 75 વર્ષ પછી બનાવ્યું છે. તેની જવાબદારી ગુજરાતના જ સહકારી આગેવાન અને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહને સોંપી છે. તેમણે સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે અનેક વિવિધ પગલાંઓ ભર્યાં છે. ખેતી અને સહકાર એક સિક્કાની બે બાજુ જેવા છે. ખેડૂતોની ખેત પેદાશોના વધારે ભાવ મળે તે માટે નેશનલ સહકારી એક્સપોર્ટ કંપનીની રચના કરી છે. એટલે કે ખેત ઉત્પાદનોની નિકાસ કરવા માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર થઈ ગયું છે. જે આનંદની વાત છે. ભારત અને રાજ્ય સરકાર ખેડૂતો માટે અનેક યોજનાઓ બનાવી રહી છે તેનો લાભ ખેડૂતોએ લેવો જોઈએ.

શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી તાલીમ વ્યવસ્થાપન કેન્દ્રની મુલાકાત લઈ શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, આવા જ એક સેમિનારમાં મેં ટકોર કરેલી કે, રાષ્ટ્રિય કક્ષાએ સહકારી ક્ષેત્રે શ્રી વૈકુંઠભાઈ મહેતા ભીષ્મપિતા ગણાય છે. તેઓ ગુજરાતના તેમાંય ભાવનગરના હોવા છતાં તેમના નામે ગુજરાતમાં ક્યાંય કોઈ સહકારી સંસ્થા નથી. આ બાબતને ઘનશ્યામભાઈએ ખૂબ ગંભીરતાથી લઈ તે પૂર્ણ કરવાની તૈયારી બતાવી હતી. આજે શ્રી વૈકુંઠભાઈ મહેતાના નામે ભાવનગરમાં આ અદ્યતન ટેક્નોલોજીના સાધન સુવિદ્યાથી સજ્જ સહકારી તાલીમ કેન્દ્ર સાથે સ્ટાફ ક્વાર્ટસ, બોયઝ અને લેડિઝ હોસ્ટેલ તેમજ ભોજનાલયની વ્યવસ્થાવાળુ ભવ્ય સંકુલ ઊભું કર્યું છે તે બદલ શ્રી ઘનશ્યામભાઈ અમીનને અભિનંદન પાઠવું છું.

સેમિનારના મહત્ત્વ ઉપર ભાર આપતા શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, તમે લોકો ગામના ખેડૂતોના પ્રતિનિધિ છો. આ સેમિનારની માહિતી ગામના ખેડૂત સભાસદો સુધી પહોંચાડવાની છે. અરસ પરસ મદદ દ્વારા જીવન ધોરણ બદલવાનું છે.

સેમિનારના અતિથિ વિશેષ સ્થાનેથી સહકારી મંડળીઓના ઉત્થાન માટે સહકારી સેમિનાર યોજવા બદલ શ્રી ઘનશ્યામભાઈ અમીનનો આભાર વ્યક્ત કરતાં ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કના ચેરમેનશ્રી રસિકભાઈ ભીંગરાડિયાએ જણાવ્યું હતું કે, સરકાર જ્યારે સહકારી સંસ્થાઓના ઉત્થાન માટે પ્રયત્નો કરી રહી છે ત્યારે આપણે પણ આપણી માનસિકતા બદલી ગામની સહકારી મંડળીમાં બેઠા છીએ ત્યારે પોતાના ધંધા માટે ચિંતા કરીએ છીએ તેમ

અનુસંધાન પાના નંબર : 2

## ડિજિટલ ઈન્ડિયાએ ભારતને વિશ્વમાં નવી ઓળખ આપી નાગરિકોને સશક્ત બનાવી સર્વાંગી વિકાસને વેગ આપ્યો છે : વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી

નવી દિલ્હી : વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારની ડિજિટલ ઈન્ડિયા પહેલની સફળતાની ઉજવણી કરતાં જણાવ્યું હતું કે, ડિજિટલ ઈન્ડિયાએ વિશ્વભરમાં ભારતને નવી ઓળખ અપાવી છે. તેણે જીવનના દરેક પાસાને સ્પર્શ કરતાં સર્વાંગી વિકાસ કર્યો છે.

પીએમશ્રી મોદીએ સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરતાં જણાવ્યું હતું કે, ડિજિટલ ઈન્ડિયાના અગિયાર વર્ષોએ ભારતને વિશ્વભરમાં એક નવી ઓળખ આપી છે. આજે, આપણે ડિજિટલ ઈન્ડિયા પહેલ શરૂ થયાના 11 વર્ષ ઉજવી રહ્યા છીએ. આ પહેલે શાસનને પુનઃવ્યાખ્યાયિત કર્યુ છે. નાગરિકોને સશક્ત બનાવવા ઉપરાંત સર્વાંગી વિકાસને વેગ આપ્યો છે. તેણે જીવનના દરેક પાસા પર અસર કરી છે.

પીએમશ્રી મોદીએ આગળ કહ્યું કે, સીમલેસ ડિજિટલ ચુકવણીઓ અને લાભ સીધો ટ્રાન્સફર કરવાથી લઈને પારદર્શિતા સાથે લાભાર્થીઓ સુધી પહોંચવા સુધી, ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓના વિસ્તરણ સુધી, ટેકનોલોજી જીવનની સરળતા'ને આગળ વધારવા માટે તે એક શક્તિશાળી સાધન બની છે. ડિજિટલ ઈન્ડિયાએ ભારતના તમામ ભાગોમાં ખાસ કરીને ગામડાઓ, ટીઅર-2 અને ટીઅર-3 શહેરોમાં ઈનોવેશનની નવી લહેર ફેલાવી છે, દેશના દરેક ખૂણામાંથી યુવા ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સ ઉભરી આવ્યા છે. તેઓ અનેક પડકારોના ઈનોવેટિવ ઉકેલો લાવી રહ્યા છે.

આ પહેલથી શિક્ષણ, આરોગ્યસંભાળ, કૃષિ, વાણિજ્ય અને જાહેર સેવા વિતરણ મજબૂત બન્યું છે, જેનાથી શાસન વધુ પારદર્શક, કાર્યક્ષમ અને સુલભ બન્યું છે. શ્રી મોદીએ




કહ્યું કે ડિજિટલ વિશ્વમાં સરકારની પ્રગતિએ ખાતરી કરી છે કે ભારત એઆઈ,સેમિકન્ડક્ટર્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ જેવી ઉભરતી તકનીકોમાં ઝડપી પ્રગતિ કરી રહ્યું છે. જે વિકાસ અને તક માટે નવા રસ્તા ખોલશે. અમારું ધ્યાન એક એવું ભવિષ્ય બનાવવા પર રહેશે. જ્યાં ટેકનોલોજી માનવતાની સેવા કરે, દરેક નાગરિકને સશક્ત બનાવે અને ટકાઉ વિકાસને આગળ ધપાવે. વધુમાં ઉમેર્યું કે ડિજિટલ ઈન્ડિયા એ વિકસિત અને આત્મનિર્ભર ભારતનો મજબૂત પાયો છે અને છેલ્લા 11 વર્ષોમાં, તેણે ગરીબો અને વંચીતોને સશક્ત બનાવવાના નેટવર્કમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને સાથે સાથે નાગરિકોનું જીવન સરળ બનાવ્યું છે. ઓપ્ટિકલ ફાઈબર વિસ્તરણથી લઈને ડિજિટલ વ્યવહારો સુધી, આ અભિયાનની અભૂતપૂર્વ સફળતાએ સમગ્ર વિશ્વનું ધ્યાન ભારત તરફ ખેંચ્યું છે. છેલ્લા એક દાયકામાં ડિજિટલ - ઈન્ડિયા ભારતના ડિજિટલ અર્થતંત્ર અને ડિજિટલ જાહેર માળખાનો મજબૂત પાયો બન્યું છે. ભારત હવે વૈશ્વિક સ્તરે રિઅલ-ટાઈમ ડિજિટલ પેમેન્ટ્સનું નેતૃત્વ કરે છે. જેમાં વિશ્વભરના કુલ ટ્રાન્જેક્શન વોલ્યુમમાં 49 ટકા યોગદાન યુપીઆઈનું છે.

## સહકાર મંત્રાલયના પાંચ વર્ષ પૂર્ણ: ભારતની સહકારી ચળવળે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક મજબૂત પાયો તૈયાર કર્યો છે : શ્રી અમિતભાઈ શાહ

### છેલ્લા પાંચ વર્ષ સહકારી ક્ષેત્ર માટે સુવર્ણ યુગ સમાન; સહકારી જીવન વીમા કંપનીની પણ જાહેરાત

નવી દિલ્હી: કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું છે કે, સહકાર મંત્રાલયે તેની સ્થાપનાના પ્રથમ પાંચ વર્ષ દરમિયાન ભારતની સહકારી ચળવળને આધુનિક, પારદર્શક, ટેક્નોલોજી આધારિત અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે મજબૂત પાયો તૈયાર કર્યો છે. વર્ષ 2047 સુધીમાં સહકારી ક્ષેત્ર વિકસિત ભારતના સૌથી મજબૂત આધારસ્તંભોમાંનું એક બનશે.




સહકાર મંત્રાલયના પાંચમા સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે સંબોધન કરતાં શ્રી શાહે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અલગ સહકાર મંત્રાલયની સ્થાપનાથી દેશની 8.5 લાખથી વધુ સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા 30 કરોડથી વધુ સભ્યોમાં નવી આશા, વિશ્વાસ અને ઊર્જાનો સંચાર થયો છે. છેલ્લા પાંચ વર્ષ સહકારી ક્ષેત્ર માટે 'સુવર્ણ યુગ' રહ્યો છે. આ સમયગાળા દરમિયાન વર્ષોથી પડતર પ્રશ્નોના ઉકેલ, નવી તકોનું સર્જન અને ભવિષ્યલક્ષી વિકાસ માટે મજબૂત માર્ગરેખા તૈયાર કરવામાં આવી છે.

શ્રી શાહે જણાવ્યું કે દેશની 32 કરોડથી વધુ સહકારી સભ્યતા અને 8.58 લાખથી વધુ સહકારી સંસ્થાઓનો એકીકૃત ડિજિટલ ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે, જેના કારણે આયોજન, પારદર્શિતા અને સુશાસનમાં નોંધપાત્ર સુધારો થયો છે. કૃષિ, ડેરી, નિકાસ, લોજિસ્ટિક્સ, મોબિલિટી, જૈવિક ખેતી અને બીજ ઉત્પાદન જેવા ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે નવ રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે, જે આગામી વર્ષોમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સહકારી ઉદ્યોગો તરીકે વિકસશે.

પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)ના સશક્તીકરણને મંત્રાલયની સૌથી મોટી પ્રાથમિકતા ગણાવતા તેમણે જણાવ્યું કે PACSના કોમ્પ્યુટરીકરણ માટે આશરે રૂ. 3,000 કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. પરિણામે 50 હજારથી વધુ e-PACS કાર્યરત બન્યા છે. ઉપરાંત



55 હજારથી વધુ PACS દ્વારા 300થી વધુ કોમન સર્વિસ સેન્ટર (CSC) સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જ્યારે 39 હજાર PACS ખેડૂત સમૃદ્ધિ કેન્દ્રો અને 600થી વધુ PACS જન ઔષધિ કેન્દ્રો તરીકે સેવા આપી રહ્યા છે.

સહકારી બેંન્કિગ ક્ષેત્રમાં થયેલા સુધારાઓ અંગે શ્રી શાહે જણાવ્યું કે ડિજિટલ બેંન્કિગ, e-KYC અને સાયબર સુરક્ષા જેવી પહેલોના કારણે જિલ્લા સહકારી બેંકોનો કુલ વ્યવસાય રૂ. 19.6 લાખ કરોડથી વધીને રૂ. 25 લાખ કરોડથી વધુ થયો છે અને બિનકાર્યક્ષમ ધિરાણ (NPA)માં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

તેમણે જણાવ્યું કે, પ્રસ્તાવિત ત્રિભુવન સહકારી યુનિવર્સિટી - બેંન્કિગ, કૃષિ, ડેરી અને સહકારી વ્યવસ્થાપન ક્ષેત્ર માટે કુશળ માનવબળ તૈયાર કરીને સમગ્ર સહકારી ક્ષેત્રમાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને સુશાસનને વધુ મજબૂત બનાવશે.

શ્રી શાહે જણાવ્યું કે ભારત બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL) આગામી ત્રણ વર્ષમાં દેશની સૌથી મોટી બીજ ઉત્પાદન સંસ્થા તરીકે ઉભરી આવશે અને ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળા સ્વદેશી બીજ ઉપલબ્ધ

અનુસંધાન પાના નંબર : 2

**સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત(બારડોલી)ના ઉપક્રમે**

# અર્બન કો-ઓપ. ક્રેડિટ સોસાયટીના મેનેજરોનો છ દિવસીય તાલીમ વર્ગ યોજાયો

સૂરત : ગુજરાત રાજય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ-તાલીમ યોજના અંતર્ગત સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી) ના ઉપક્રમે સૂરત શહેર, સૂરત/તાપી જિલ્લાની અર્બન કૉ–ઑપ. ક્રેડિટ સોસાયટીના મેનેજરોનો તાલીમવર્ગ તા. 25/05/2026 થી તા. 30/05/2026 દરમિયાન સુમૂલડેરી સૂરતના ઓડિટોરિયમ હોલમાં યોજાયો હતો.

આ તાલીમ વર્ગનું ઉદ્‌ઘાટન સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરતના ડિરેકટરશ્રી ગોરધનભાઈ લાઠીયા એ કર્યું હતું તથા પ્રસંગે શ્રી શ્રમદીપ અર્બન કૉ.ઑપ. ક્રેડિટ સોસાયટી લિ. ના મંત્રીશ્રી જીવરાજભાઈ ગોધાણી, સૂરત જિલ્લા સહકારી સંઘના એકિઝકયુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સૂરત જિલ્લા કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના ચેરમેનશ્રી અને શ્રી શ્રમ-દીપ અર્બન કૉ.ઑપ. ક્રેડિટ સોસાયટી લિ. ના મંત્રીશ્રી ડૉ. જીવરાજભાઈ ગોધાણીએ ક્રેડિટ સોસાયટીઓમાં બેલેન્સશીટ એનાલીસીસ અને ગુણોત્તર, એડવોકેટશ્રી પ્રણવભાઈ કાગળવાળાએ બોર્ડ ઓફ નોમીનીઝ, ધી વરાછા કો–ઓપ બેંકના પૂર્વ ચેરમેન (BOM) શ્રી કાનજીભાઈ ભાલાળાએ લાઈફ મેનેજમેન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી રાજ અસ્તીએ ટેક્ષેશન અને એન. પી. એ, રીટાયર્ડ જોઈન્ટ રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગાંધીનગર શ્રી જે. જે. શાહે સહકારી કાયદાની અગત્યની જોગવાઈઓ, ઘી સૂરત ડિ. કો-ઓપ. બેંકના સાયબર સિકયોરિટી મેનેજરશ્રી ધવલભાઈ પટેલે સાયબર સિકયોરિટી, જેવા વિષયો ઉપર મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

સૂરત જિલ્લા સહકારી સંઘના એકિઝકયુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલે તાલીમાર્થીઓના પ્રતિભાવો મેળવી જરૂરી માહિતી આપી હતી.

સદર તાલીમવર્ગમાં 55 જેટલી અર્બન કો. ઓ. ક્રેડિટ સોસાયટીઓના 59 જેટલા મેનેજરોએ ઉત્સાહપૂર્વક તાલીમ મેળવી હતી. તાલીમવર્ગનું સંચાલન સૂરત જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ. શ્રી વિજયભાઈ ચૌધરીએ કર્યું હતું. આભારવિધિ સૂરત જિલ્લા સહકારી સંઘના મહિલા સી.ઈ.આઈ. શ્રી શર્મિલાબેન રાઠોડે કરી હતી.



# રાજકોટ જિલ્લા સહકારી સંઘ દ્વારા રાજકોટ તથા મોરબી જિલ્લાની ક્રેડિટ કો-ઓપ.સોસાયટીઓના મેનેજર-કર્મચારીઓ માટે તાલીમ વર્ગ યોજાયો

ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ અને તાલીમ યોજના અન્વયે રાજકોટ જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે રાજકોટ/મોરબી જિલ્લાની ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓના મેનેજર/ કર્મચારીઓ માટેનો તાલીમ વર્ગ તારીખ 15-06-2026 થી 17-06-2026 દરમિયાન ત્રણ દિવસીય તાલીમ વર્ગ નું આયોજન કરેલ છે.

આ ક્રેડિટ કો-ઓપ. સોસા. તાલીમ વર્ગના શુભારંભ કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી દિનેશભાઈ ભુવા, જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટરશ્રી હરગોપાલસિંહ જાડેજા, જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટરશ્રી લાભુભાઈ કુવાડિયા, જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર જયશ્રીબેન ત્રિવેદી,ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, રાજકોટના પ્રિન્સિપાલ શ્રી શૈલેષભાઈ મેરજા તથા સહકારી ક્ષેત્રના નિષ્ણાંત પ્રવચનકાર ડો.હિતેશભાઈ શુક્લ દ્વારા દીપ પ્રાગટ્ય કરી આ તાલીમ વર્ગનો શુભારંભ કરેલ.

આ ક્રેડિટ કો-ઓપ. સોસા. તાલીમ વર્ગમાં રાજકોટ જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી દિનેશભાઈ ભુવા દ્વારા સહકારી ક્ષેત્રમાં ભવિષ્યમાં નડતરરૂપ થનાર નવા પડકારો તથા પરસ્પર સહકારની ભાવનાથી એક બીજા સાથે મળીને સહકારી ક્ષેત્રને કઈ રીતે મજબુત બનાવવું તે બાબતે સવિશેષ માહિતી આપી હતી.

આ તાલીમ વર્ગમાં રાજકોટ/મોરબી જિલ્લાની તમામ ક્રેડિટ કો-ઓપ. સોસા.ના મેનેજર/કર્મચારીઓ ભાગ લઈ રહ્યા છે.




# મોડાસા હિંગળાજ ક્રેડિટ કો.ઓપ.નો રજત જયંતી મહોત્સવ ઉજવાયો

મોડાસા : સહકારી સંસ્થા હિંગળાજ ક્રેડિટ કો. ઓપ. અને ગ્રાહક ધિરાણ સહકારી મંડળી લિ.ના સ્થાપનાના 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે રજત જયંતી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.મંડળીના ચેરમેનશ્રી જગદીશભાઈ ભાવસારે સંસ્થાના 25 વર્ષના સફળ સફરની ઝાંખી કરાવતો પ્રગતિ અહેવાલ રજૂ કર્યો હતો. રજત સ્મરણિકા (સોવિનિયર)નું વિમોચન કરવામાં આવ્યું હતું. ગુજરાત ભાવસાર સમાજના પ્રમુખ ગિરીશભાઈ ભાવસાર, અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી પ્રભુદાસભાઈ પટેલ, ઉપાધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ ગાંધી તેમજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ કનુભાઈ પટેલ ઉપરાંત નાગરિક બેંકના ચેરમેન ડૉ.કિરીટભાઈ શાહ સહિત ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પૂર્વ ચેરમેન કિશોરભાઈ ભાવસાર અને સુરેન્દ્રભાઈ ભાવસાર,પૂર્વ ડિરેક્ટરો અને વર્તમાન બોર્ડ ઓફ ડિરેક્ટર્સનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજુલા નાગરિક બેંકની બોર્ડ મિટિંગમાં નાના અને મોટા વર્ગ માટે સરળ બેન્કિંગ સેવાઓ માટે નિર્ણયો લેવાયા

**લોન મર્યાદામાં વધારો, કરંટ ખાતા માટે નો ચાર્જીસ, સરળ અને અદ્યતન બેન્કિંગ સેવાઓ**

રાજુલા : રાજુલા નાગરિક બેંકની બોર્ડ મિટિંગ નવનિયુક્ત ચેરમેન શ્રી વિજયભાઈ કોટીલાની અધ્યક્ષતામાં અને સાથી ડિરેક્ટરોની હાજરી વચ્ચે મળી હતી. જેમાં બેંકના સભાસદ તથા રાજુલા શહેરના વેપારીઓ તથા નાના અને મધ્યમ વર્ગ માટે સરળ બેન્કિંગ સેવા ઉપલબ્ધ કરવા માટે બેંકનાં નાના તથા મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખી બેંકનાં બોર્ડ ધ્વારા જાત જામીનગી-લોનની હાલની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં રૂા. 50 હજારથી રકમ વધારી રૂા. 75 હજારની લોન બેંકના સભાસદોને તુરંત મળશે.

બેંકનાં સી. સી. લોનનાં વેપારી વર્ગ માટે રૂા. 15 લાખ સુધીની લોન મંજૂર કરવામાં આવશે. સાથે તમામ વેપારી માટે કોઈપણ ચાર્જ લીધા વગર કરંટ ખાતા ઓપરેટ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. હાલ આ બેંક સીટીએસ / આરટીજીએસ / એનઈએફટી / ક્યુ સર કોડ/એસએમએસ જેવી અદ્યતન સુવિધાઓ આપે છે. તેમજ કોઈ છૂપા ચાર્જ પણ વસૂલ કરતી નથી.

બોર્ડ મિટિંગમાં ગત વર્ષે સભાસદને આપવામાં આવેલા સભાસદ ગીફ્ટ તેમજ બેંકનાં નવા બિલ્ડિંગ અંગે વિસ્તારથી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# ઉપલેટા પીપલ્સ ક્રેડિટ સોસાયટીની સામાન્ય સભા યોજાઈ

ઉપલેટા : ઉપલેટા પીપલ્સ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીની તેરમી વાર્ષિક સાધારણ સભા મંડળીના ચેરમેનશ્રી છગનભાઈ એસ. સોજીત્રાના અધ્યક્ષસ્થાને મળી હતી. વર્ષાન્તે સોસાયટીએ રૂ. 29 લાખનો નફો કર્યો છે. સભાસદોના તેજસ્વી સંતાનોને શિલ્ડ અને ઈનામ આપવામાં આવ્યા. રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિના સંચાલિકાશ્રી ભાનુબેન ચંદ્રવાડીયા છેલ્લા ત્રીસ વર્ષથી અશક્ત મહિલાઓને રેશન કીટ આપવાની સાથે સ્વરોજગારની તાલીમ આપીને આત્મનિર્ભર કરે છે તેમને શાલ ઓઢાડીને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# જૂનાગઢ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘનો રૂ.31 લાખનો નફો : 15 ટકા ડિવિડંડ

જૂનાગઢ : જૂનાગઢ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિમિટેડની 67મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. તેમાં સંસ્થાના પ્રમુખશ્રી લક્ષ્મણભાઈ યાદવે સંસ્થાનો નફો રૂ.30.88 લાખ હોવાની જાહેરાત કરી સભાસદોને 15% ડિવિડંડ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

દોમડીયા વાડી ખાતે યોજાયેલ સાધારણ સભામાં સંસ્થાના પ્રમુખશ્રી લક્ષ્મણભાઈ યાદવે જણાવ્યું કે આ સંસ્થા છેલ્લા 25 વર્ષથી નફો કરી રહી છે. પરિણામે સરકારે ઓડિટ વર્ગ અ આપ્યો છે. સંઘના ઉપપ્રમુખશ્રી મનુભાઈ ખૂંટીએ સ્વાગત પ્રવચન કરી સંસ્થાની પ્રગતિની વિસ્તૃત જાણકારી આપી હતી.

આ પ્રસંગે રાજ્યના પૂર્વ મંત્રી અને સહકારી અગ્રણી તેમજ સંઘના સિનિયર ડિરેક્ટરશ્રી જશાભાઈ બારડે સંસ્થાની આર્થિક પરિસ્થિતિ વિશે ચડતી પડતીની માહિતી આપી હતી.

# પેટલાદ-સોજીત્રા તાલુકા ખાતે સૌર ઊર્જા ઉત્પાદન અને ખેડૂતોની આર્થિક સધ્ધરતા અંગે ચર્ચા-વિચારણા

ડાકોર : રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશ પટેલની હાજરીમાં પરિસંવાદ અને ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પેટલાદ-સોજીત્રા તાલુકા સૌર ઉર્જા ઉત્પાદક સહકારી મંડળી તથા ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ’ નડિયાદના ચેરમેનશ્રી તેજસકુમાર બી. પટેલ દ્વારા સૌર ઉર્જા ઉત્પાદન અને ખેડૂતોની આર્થિક સદ્ધરતા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ચર્ચા દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, ગુજરાત હંમેશાથી સહકારી પ્રવૃત્તિઓ અને ગ્રીન એનર્જીમાં અગ્રેસર રહ્યું છે. પેટલાદ અને સોજીત્રા તાલુકાના ખેડૂતો દ્વારા સ્થાપિત વિશ્વની પ્રથમ સૌર ઊર્જા ઉત્પાદક સહકારી મંડળીએ ઊર્જા ક્ષેત્રે દેશભરમાં સ્વનિર્ભરતાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. આ મોડેલ દ્વારા ખેડૂતો માત્ર અન્નદાતા જ નહીં, પરંતુ ‘ઊર્જાદાતા’ બની રહ્યા છે.

**સહકારી ચળવળ... પાના નં. 4નું અનુસંધાન**

‘સહકાર સપ્તાહ–2026‘ની ઉજવણીના મહત્વને સમજાવતાં શ્રી શાહે જણાવ્યું હતું કે, આ અવસરે રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને ગ્રામ્ય સ્તરે વિવિધ સહકારી સંસ્થાઓ દ્વારા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ સહકારી ચળવળની સિદ્ધિઓને જનજન સુધી પહોંચાડવાનો અને સહકારિતામાં જનભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો છે. સહકારી ક્ષેત્રને વધુ સશક્ત બનાવવાની કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા અડગ છે. સહકારિતા આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. સાથે જ ટકાઉ રોજગારીનું સર્જન, ગ્રામ્ય સમૃદ્ધિમાં વધારો અને આર્થિક વિકાસના લાભો સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવામાં સહકારી ચળવળ અસરકારક માધ્યમ બની રહી છે.

**દેશના ખેડૂતોની ખેત... પાના નં. 1 નું અનુસંધાન**

મંડળીના વિકાસ માટે ચિંતન કરવું જોઈએ. મંડળીના વિકાસ માટે સમય ફળવવો પડશે. લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી મંડળીની પ્રવૃત્તિઓ વધારી સરકારી યોજનાઓનો લાભ લેવો જોઈએ.

આ સેમિનારમાં ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત અને કાર્યક્રમની રૂપરેખા રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ત્રિવેદીએ આપી હતી. સેમિનારની આભાર વિધિ રાજ્ય સંઘના મહિલા સમિતિના ચેરપર્સન અને ભાવનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી ભાવનાબેન જાડેજાએ કરી હતી. સેમિનારનું સંચાલન સંઘના માહિતી અધિકારીશ્રી સી.જે. દવેએ કર્યું હતું અને કૃષિ પેદાશોના મૂલ્ય વર્ધન અંગે માર્ગદર્શન આપ્યું હતું. રાજ્ય સંઘના સહકારી શિક્ષણ કન્સલ્ટન્ટ ડૉ. વી.એમ. ચૌધરીએ નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ લિ. ( NCEL ) અંગે માર્ગદર્શન આપ્યું હતું. અમદાવાદ સહકારી વ્યવસ્થાન કેન્દ્રના અધ્યાપક શ્રી રોનકભાઈ પટેલે રાજ્ય સહકારી સંઘ અને સહકારી વ્યવસ્થાન કેન્દ્રોની કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ સેમિનારમાં એપીએમસી, ભાવનગરના ચેરમેનશ્રી રણછોડભાઈ ઝાંજડિયા, ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કના વાઈસ ચેરમેનશ્રી કાંતિભાઈ ધાંધલિયા, ભાવનગર જિલ્લા રજિસ્ટ્રારશ્રી કે.ડી દેસાઈ, ભાવનગર નાગરિક સહકારી બેન્કના ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા, ભાવનગર અને બોટાદ જિલ્લાના સહકારી અગ્રણીઓ અને વિવિધ સહકારી મંડળીઓના 250 જેટલા પ્રતિનિધિઓએ માર્ગદર્શન મેળવ્યું હતું.

**સહકાર મંત્રાલયના... પાના નં. 1નું અનુસંધાન**

કરાવશે. સાથે જ જૈવિક ખેતી, બાયો-ખાતર, ગોબર વ્યવસ્થાપન, નવીનીકરણીય ઊર્જા અને સર્ક્યુલર અર્થતંત્રને પ્રોત્સાહન આપવા તેમજ ગામડાંઓને રાષ્ટ્રીય અને વૈશ્વિક બજારો સાથે જોડવા માટે પણ સહકારી ક્ષેત્રની ભૂમિકા સતત વિસ્તારી રહી છે.

આ પ્રસંગે કેન્દ્રીય સહકાર મંત્રીએ વેરહાઉસ, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) આધારિત બૅન્કિંગ પ્લેટફોર્મ, ડેરી ઉત્પાદકતા કાર્યક્રમો, ટિશ્યૂ કલ્ચર સુવિધાઓ, ડિજિટલ સહકારી એપ્લિકેશનો તેમજ 50 હજાર PACSને e-PACSમાં રૂપાંતરિત કરવાની પહેલ સહિત અનેક વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. ઉપરાંત ભારતના બીજ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા તથા સહકાર મંત્રાલયના પાંચ વર્ષના કાર્યોનું દસ્તાવેજીકરણ કરતી વિશેષ પ્રકાશન કૃતિનું વિમોચન પણ કરવામાં આવ્યું.

**સહકારી જીવન વીમા કંપનીની જાહેરાત**

શ્રી અમિતભાઈ શાહે આ પ્રસંગે જાહેરાત કરી કે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં સહકારી જીવન વીમા કંપનીની સ્થાપના કરશે. તેમણે જણાવ્યું કે આ કંપની IFFCO-Tokioના સફળ સહકારી વીમા મોડલના આધારે કાર્ય કરશે અને જીવન વીમા ક્ષેત્રમાં સહકારી સંસ્થાઓની ભાગીદારીને નોંધપાત્ર રીતે વિસ્તૃત કરશે.

તેમણે વધુમાં જણાવ્યું કે ભારત ટેક્સીની તર્જ પર એક યુટિલિટી એગ્રીગેટર સહકારી સંસ્થા પણ શરૂ કરવામાં આવશે, જેના દ્વારા સહકારી ચળવળને નવા અને ઉભરતા ક્ષેત્રોમાં વિસ્તરણ મળશે, નાણાકીય સમાવેશને વેગ મળશે અને લાખો સહકારી સભ્યો માટે નવી રોજગારી તથા આર્થિક તકોનું સર્જન થશે. અંતમાં શ્રી શાહે જણાવ્યું કે આ તમામ પહેલો ‘સહકારથી સમૃદ્ધિ‘ના વિઝનને વધુ મજબૂત બનાવશે અને સહકારી ક્ષેત્રને પરંપરાગત પ્રવૃત્તિઓથી આગળ વધારી ભારતના સર્વાંગી અને સર્વસમાવેશક વિકાસમાં વધુ અસરકારક યોગદાન આપવા સક્ષમ બનાવશે.

**ઇથેનોલ અને હરિત... પાના નં. 4નું અનુસંધાન**

ઈથેનોલ, બાયો-ઊર્જા અને નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં પણ દેશની ઊર્જા સુરક્ષા મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. તેમણે જણાવ્યું કે યોગ્ય નીતિગત સહયોગથી સહકારી ખાંડ મિલો આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારત–2047ના લક્ષ્યોને હાંસલ કરવામાં વધુ અસરકારક ભૂમિકા ભજવી શકશે.

બેઠક દરમિયાન બંને પક્ષોએ સહકારી ક્ષેત્રને હરિત અર્થતંત્ર, સ્વચ્છ ઊર્જા અને ટકાઉ વિકાસના રાષ્ટ્રીય એજન્ડા સાથે વધુ મજબૂત રીતે જોડવાની જરૂરિયાત પર સહમતિ વ્યક્ત કરી હતી.

**સ્ટ્રેસ ટેસ્ટમાં પણ... પાના નં. 4નું અનુસંધાન**

ધિરાણની ઊંચી એકાગ્રતા અથવા વ્યાજદરના ગંભીર આંચકાની સ્થિતિમાં કેટલીક ટિયર-2, ટિયર-3 તથા મર્યાદિત સંખ્યાની ટિયર-4 બેંકોને મૂડી અથવા પ્રવાહિતા (Liquidity) સંબંધિત પડકારોનો સામનો કરવો પડી શકે છે.

અહેવાલમાં RBI દ્વારા સહકારી બેંકો પર રાખવામાં આવતી સતત દેખરેખનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ડિસેમ્બર 2025થી મે 2026 દરમિયાન RBIએ કુલ 99 નિયમન હેઠળની સંસ્થાઓ સામે કાર્યવાહી કરી હતી, જેમાં 56 સહકારી બેંકોનો સમાવેશ થાય છે. આ કાર્યવાહી અંતર્ગત કુલ ₹8.96 કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

RBIએ ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGC) હેઠળ સહકારી બેંકોના મહત્ત્વ પર પણ પ્રકાશ પાડ્યો છે. DICGC હેઠળ આવતી 1,950 બેંકોમાંથી 1,826 સહકારી બેંકો છે. સહકારી બેંકોમાં વીમાયુક્ત થાપણોનો હિસ્સો 60.1 ટકા રહ્યો હતો, જ્યારે વાણિજ્યિક બેંકોમાં આ પ્રમાણ 38.6 ટકા હતું.

RBIએ નિષ્કર્ષરૂપે જણાવ્યું છે કે અસ્કયામતોની ગુણવત્તામાં સુધારો, મજબૂત મૂડી પર્યાપ્તતા, સ્થિર નફાકારકતા અને મજબૂત બેલેન્સ શીટના આધારે શહેરી સહકારી બૅંકિંગ ક્ષેત્ર ભવિષ્યના આર્થિક પડકારોનો સફળતાપૂર્વક સામનો કરવા માટે વધુ સક્ષમ અને સ્થિતિસ્થાપક બન્યું છે.

**સાત લાખથી વધુ... પાના નં. 4નું અનુસંધાન**

એક ટ્રાન્સપોર્ટ એપ નથી, પરંતુ સહકારી સિદ્ધાંતો પર આધારિત એવી વ્યવસ્થા છે જેમાં સારથીઓ જ સંસ્થાની માલિકી અને નિર્ણય પ્રક્રિયાના કેન્દ્રમાં છે. આ મોડલ દ્વારા શોષણમુક્ત, પારદર્શક અને ન્યાયસંગત પરિવહન વ્યવસ્થા ઊભી થશે તેમજ ગ્રાહકો અને પરિવહન કર્મચારીઓ બંનેને તેનો લાભ મળશે.

શ્રી શાહે પરંપરાગત એપ આધારિત ટેક્સી સેવાઓમાં ઊંચા કમિશન, ચુકવણીમાં વિલંબ અને ડ્રાઈવરોને અસર કરતા એકતરફી નિર્ણયો અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, આવી સમસ્યાઓનો કાયમી ઉકેલ યોગ્ય સહકારી માળખા દ્વારા જ શક્ય છે. ભારત ટેક્સી તે દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે.

અમૂલ, ઈફકો (IFFCO) અને કૃભકો (KRIBHCO) જેવા સફળ સહકારી મોડલે ઉત્પાદકો અને શ્રમિકોને તેમની મહેનતનું યોગ્ય આર્થિક મૂલ્ય અપાવ્યું છે. ભારત ટેક્સી પણ પરિવહન ક્ષેત્રમાં એ જ સફળ મોડલને આગળ વધારશે. આ પહેલને સફળ બનાવવા માટે નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC), IFFCO, KRIBHCO, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB), NABARD, NCEL અને અમૂલ સહિતની અગ્રણી સહકારી સંસ્થાઓએ સહયોગ આપ્યો છે, જેના કારણે શહેરી પરિવહન ક્ષેત્રમાં મજબૂત સહકારી વિકલ્પ ઊભો થઈ રહ્યો છે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, અત્યાર સુધીમાં સાત લાખથી વધુ ’સારથીઓ’ ભારત ટેક્સી સાથે જોડાઈ ચૂક્યા છે, જ્યારે લગભગ 37 લાખ ગ્રાહકો આ સેવાનો લાભ લઈ ચૂક્યા છે. રાઈડ બુકિંગ ઉપરાંત આ પ્લેટફોર્મ દ્વારા સભ્યોને લોન, વીમા, વ્યવસાય વિસ્તરણ અને અન્ય નાણાકીય સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી તેમને લાંબા ગાળાની સામાજિક અને આર્થિક સુરક્ષા મળી રહે.

ભાડાંને લઈને થઈ રહેલી ચર્ચા અંગે તેમણે જણાવ્યું કે, કેટલીક ખાનગી કંપનીઓ ટૂંકા ગાળાના સ્પર્ધાત્મક લાભ માટે ભાડાં ઘટાડે છે અને પ્રોત્સાહનો આપે છે, પરંતુ ભારત ટેક્સીનો ઉદ્દેશ પારદર્શક, ટકાઉ અને સમાનતાપૂર્ણ પરિવહન વ્યવસ્થા ઊભી કરવાનો છે. તેમણે સારથીઓ અને ગ્રાહકોને આ લાંબા ગાળાના સહકારી વિઝનને સમર્થન આપવા અપીલ કરી હતી.

ભવિષ્યની યોજનાઓ અંગે માહિતી આપતાં શ્રી શાહે જણાવ્યું કે 31 જુલાઈ, 2026 પહેલાં ભારત ટેક્સી દેશના વધુ સાત મુખ્ય શહેરોમાં સેવા શરૂ કરશે અને આગામી બે વર્ષમાં 500થી વધુ શહેરો અને નગરોમાં તેનું વિસ્તરણ કરવામાં આવશે.

અંતમાં શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે ભારત ટેક્સી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘સહકારથી સમૃદ્ધિ‘ના વિઝનને પરિવહન ક્ષેત્રમાં સાકાર કરતી મહત્વપૂર્ણ પહેલ છે. આ યોજના દેશભરના પરિવહન કર્મચારીઓને ગૌરવ, સુરક્ષા, આર્થિક સશક્તીકરણ અને સમૃદ્ધિ સાથે જોડીને સહકારી ચળવળને નવા ક્ષેત્રોમાં વિસ્તૃત કરશે.

# ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા સમગ્ર રાજ્યમાં સહકાર સપ્તાહની ભવ્ય ઉજવણી

## "સહકાર સે સમૃદ્ધિ" થીમ હેઠળ 29 જૂનથી 6 જુલાઈ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાયા

અમદાવાદ : ભારત સરકારના સહકાર મંત્રાલયના 5મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં 29 જૂનથી 6 જુલાઈ દરમિયાન 'સહકાર સે સમૃદ્ધિ' થીમ હેઠળ સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી. જેમાં ગુજરાતમાં પણ ગુજરાત રાજ્ય સહકારી સંઘ અને જિલ્લા સહકારી સંઘો દ્વારા સહકાર સપ્તાહની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આ સપ્તાહ દરમિયાન સહકારી ક્ષેત્રને વધુ સશક્ત, આધુનિક અને સર્વસમાવેશક બનાવવા માટે વિવિધ વિષય આધારિત કાર્યક્રમો, જનજાગૃતિ અભિયાનો, તાલીમ કાર્યક્રમો અને ચર્ચાસત્રોનું આયોજન કરવામાં આવ્યું.

**29 જૂને** સહકાર સપ્તાહનો પ્રારંભ સહકાર પ્રતિજ્ઞા અને વિવિધ પ્રવૃત્તિઓના સાથે થયો હતો.

**30 જૂનના** રોજ પર્યાવરણના સંરક્ષણ માટે વૃક્ષારોપણ કરી PACS પરિવર્તન દિવસ તરીકે નાણાકીય સાક્ષરતા, પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS)ના કમ્પ્યુટરાઈઝેશન અને આધુનિકીકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**1 જુલાઈ**ના રોજ સ્વચ્છતા દિવસની ઉજવણી કરી સ્વચ્છતા અને આરોગ્ય અંગે સમજ આપવામાં આવી હતી.

**2 જુલાઈ**એ મહિલાઓ અને યુવા જાગૃતિ કાર્યક્રમ દ્વારા મહિલા સશક્તીકરણ અને સહકારી ક્ષેત્રમાં યુવાનોની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો યોજાયા હતા.

**3 જુલાઈ**ના રોજ મેમ્બરશીપ ડ્રાઈવ, માર્કેટિંગ, બીજ વ્યવસ્થાપન તથા સહકારી ક્ષેત્રને લગતી વિવિધ સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**4 જુલાઈ**એ સહકારી ઓડિટ અંગે સેમિનાર યોજી સહકારી પ્રતિનિધિઓ માટે ઓડિટનું મહત્ત્વ અને મંડળીના આર્થિક સશક્તીકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**5 જુલાઈ**એ સહકારી ફિલ્મ દર્શન કાર્યક્રમ યોજી સહકારી સંસ્થાઓમાં ડિજિટલાઈઝેશન, તાલીમ અને ક્ષમતા નિર્માણને કેન્દ્રસ્થાને રાખીને વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

## સહકાર સપ્તાહ ઉજવણી કાર્યક્રમને રાજ્યભરની સહકારી સંસ્થાઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ

**સહકાર સપ્તાહનો સમાપન સમારોહ 6 જુલાઈ**એ ભાવનગરના શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન તાલીમ કેન્દ્ર ખાતે સહકાર મંત્રાલયની સિદ્ધિઓ અને એનસીઈએલ અંગે માર્ગદર્શન દિવસની ઉજવણી સાથે યોજાયો, વિવિધ જિલ્લાઓમાં પણ આ દિવસ ઉજવાયો હતો. જેમાં સહકારી ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાને પુનઃદૃઢ કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય સહકારી સંઘ અને જિલ્લા સહકારી સંઘો દ્વારા રાજ્યભરમાં છેવાડા ગામના માનવી સુધી સહકાર મંત્રાલયની સિદ્ધિઓ પહોંચાડવા સહકાર સપ્તાહની દરમિયાન સહકાર પ્રતિજ્ઞા દિવસ, વૃક્ષારોપણ, મહિલાઓ અને યુવા જાગૃતિ કાર્યક્રમ, સ્વચ્છતા કાર્યક્રમ, મેમ્બરશીપ ડ્રાઈવ, ઓડિટ દિવસ, સહકારી ફિલ્મ દર્શન, એનસીઈએલ દિવસ વગેરે દિવસોની ભવ્ય ઉજવણી કરી હતી. જેની બોલતી તસવીરો સાક્ષી પૂરી રહી છે.

### સહકાર પ્રતિજ્ઞા દિવસ


રાજ્ય સહકારી સંઘ | જામનગર | વડોદરા | રાજકોટ | સુરેન્દ્રનગર | શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી તાલીમ કેન્દ્ર

### વૃક્ષારોપણ


રાજ્ય સહકારી સંઘ | વલસાડ | સાબરકાંઠા | પાટણ | મહેસાણા | ભાવનગર | ડાંગ


### સ્વચ્છતા દિવસ


રાજ્ય સહકારી સંઘ | જૂનાગઢ | પાટણ | ભરૂચ | ભાવનગર | મહિસાગર

### સહકારી ઓડિટ અંગે જાણકારી કેમ્પ


ખેડા | દાહોદ | પંચમહાલ | રાજકોટ | સુરત

### યુથ અને મહિલા સહકારી સેમિનાર જાગરૂકતા કેમ્પ


રાજ્ય સહકારી સંઘ | રાજકોટ | મહેસાણા | ભરૂચ | ગાંધીનગર | અમરેલી

### મેમ્બરશીપ ડ્રાઈવ


જામનગર | વડોદરા | મહિસાગર | પંચમહાલ | આણંદ

### એનસીઈએલ અંગે જાણકારી સેમિનાર


રાજ્ય સહકારી સંઘ અને ભાવનગર | ખેડા | વડોદરા

### સહકારી ફિલ્મ દર્શન


તાલીમ કેન્દ્ર | અમદાવાદ તાલીમ કેન્દ્ર | નડીયાદ તાલીમ કેન્દ્ર

**સહકાર સપ્તાહ નિમિત્તે કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી હતી**

# સહકારી ચળવળ આત્મનિર્ભર ભારતનો મજબૂત આધારસ્તંભ; વડાપ્રધાનના નેતૃત્વમાં સહકારી ક્ષેત્રને નવી ગતિ મળી છે : શ્રી અમિતભાઈ શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ તથા સહકાર સપ્તાહ–2026 નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, સહકારિતા ભારતની સંસ્કૃતિ, સામૂહિક શક્તિ અને આત્મનિર્ભરતાનો મજબૂત આધારસ્તંભ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી નેતૃત્વ હેઠળ દેશની સહકારી ચળવળને અભૂતપૂર્વ ગતિ મળી છે અને સહકાર મંત્રાલય દ્વારા હાથ ધરાયેલા વિવિધ સુધારાત્મક પગલાંઓના પરિણામે સહકારી ક્ષેત્ર વધુ આધુનિક, પારદર્શક અને સશક્ત બન્યું છે.

શ્રી અમિતભાઈ શાહે સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના, આધુનિક તાલીમ કેન્દ્રોની રચના તેમજ ઉભરતા ક્ષેત્રોમાં નવી સહકારી સંસ્થાઓની સ્થાપના જેવા ઐતિહાસિક નિર્ણયો દ્વારા સહકારી ક્ષેત્રને નવી દિશા અને નવી ઓળખ મળી છે. અને 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવા માટે સરકાર સતત કાર્યરત છે.



ખેડૂતો, મહિલાઓ, નાના ઉદ્યોગસાહસિકો અને શ્રમિકોને સશક્ત બનાવી સહકારી સંસ્થાઓને સર્વસમાવેશક આર્થિક વિકાસના એન્જિન તરીકે વિકસાવવામાં આવી રહી છે.

કેન્દ્રીય સહકાર મંત્રીશ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, ટેક્નોલોજી આધારિત વ્યવસ્થાપન, વ્યાવસાયિક સંચાલન તથા યુવાનો અને મહિલાઓની સક્રિય ભાગીદારી દ્વારા સહકારી ક્ષેત્રમાં ગુણાત્મક પરિવર્તન લાવવામાં આવી રહ્યું છે. પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)ના સશક્તીકરણ, ડિજિટલ સહકારિતા, ખેડૂત કલ્યાણ, અનાજ સંગ્રહ વ્યવસ્થા, ડેરી અને મત્સ્ય સહકારી સંસ્થાઓના વિકાસ તેમજ કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) આધારિત સેવાઓના વિસ્તરણ જેવા અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે, જેના પરિણામે સહકારી ક્ષેત્ર વધુ મજબૂત અને ભવિષ્યલક્ષી બની રહ્યું છે.

દેશભરમાં 29 જૂનથી 6 જુલાઈ, 2026 દરમિયાન સહકાર મંત્રાલયની સ્થાપનાના પાંચમા સ્થાપના વર્ષ નિમિત્તે

અનુસંધાન પાના નંબર : 2

**નેશનલ ડ્રોન સમિટ–2026માં ત્રણ ઐતિહાસિક રાષ્ટ્રીય પહેલોનું લોન્ચિંગ**

# દેશની પ્રથમ ડ્રોન મલ્ટી-સ્ટેટ સહકારી સંસ્થા, '1 પંચાયત–1 ડ્રોન ઉદ્યોગસાહસિક' મિશન અને 75 એડવાન્સ્ડ સ્કિલ સેન્ટર્સની શરૂઆત

નવી દિલ્હીઃ 'પોલિસીથી સમૃદ્ધિ સુધી' (From Policy to Prosperity) થીમ હેઠળ નવી દિલ્હીના ધ લીલા પેલેસ, ચાણક્યપુરી ખાતે યોજાયેલી નેશનલ ડ્રોન સમિટ–2026 દરમિયાન ભારતના ડ્રોન ક્ષેત્ર અને સહકારી ચળવળને નવી દિશા આપતી ત્રણ મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય પહેલોનું ભવ્ય લોન્ચિંગ કરવામાં આવ્યું. આ સમિટમાં સરકાર, ઉદ્યોગ, સહકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ગ્રામ્ય ભારતના પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ડ્રોન ટેક મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ દ્વારા નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC)ના સહયોગથી આયોજિત આ સમિટે સહકાર મંત્રાલયની પાંચ વર્ષની ઉપલબ્ધિઓ અને 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને ટેક્નોલોજી સાથે જોડવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કર્યો.

**દેશની પ્રથમ ડ્રોન મલ્ટી-સ્ટેટ સહકારી સંસ્થા :** સમિટ દરમિયાન ભારતની પ્રથમ ડ્રોન ટેક મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીનું સત્તાવાર લોન્ચિંગ કરવામાં આવ્યું. મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ અધિનિયમ, 2002 હેઠળ સ્થાપિત આ સંસ્થાનો હેતુ ડ્રોન ઉત્પાદકો, ડ્રોન પાઈલટ્સ, સ્ટાર્ટઅપ્સ, તાલીમ સંસ્થાઓ, સેવા પ્રદાતાઓ, ખેડૂતો અને અન્ય હિતધારકોને એક સહકારી પ્લેટફોર્મ પર જોડીને નવીનતા, સહયોગ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

**'1 પંચાયત–1 ડ્રોન ઉદ્યોગસાહસિક' રાષ્ટ્રીય મિશનની શરૂઆત :** સમિટમાં '1 પંચાયત–1 ડ્રોન ઉદ્યોગસાહસિક' રાષ્ટ્રીય મિશનનો પણ પ્રારંભ કરવામાં આવ્યો. આ મહત્ત્વાકાંક્ષી પહેલ હેઠળ આગામી પાંચ વર્ષમાં દેશની 2 લાખ કૃષિ આધારિત ગ્રામ પંચાયતોમાં 2 લાખ ડ્રોન ઉદ્યોગસાહસિકો તૈયાર કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.




આ મિશન દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક ડ્રોન સેવાઓનો વ્યાપ વધારવા, યુવાનો માટે રોજગારી અને સ્વરોજગારીની નવી તકો ઊભી કરવા, કૃષિ ઉત્પાદકતા વધારવા અને ગ્રામ્ય અર્થતંત્રને નવી ગતિ આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

**75 એડવાન્સ્ડ સ્કિલ સેન્ટર્સની જાહેરાત :** સમિટ દરમિયાન દેશભરમાં 75 એડવાન્સ્ડ સ્કિલ સેન્ટર્સ સ્થાપવાની જાહેરાત કરવામાં આવી. આ કેન્દ્રોમાં ડ્રોન ટેક્નોલોજી, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), રોબોટિક્સ, GIS અને રિમોટ સેન્સિંગ, ઈલેક્ટ્રિક મોબિલિટી સહિતની અદ્યતન ટેક્નોલોજીમાં યુવાનોને તાલીમ આપવામાં આવશે.

NSDCના સહયોગથી અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020 (NEP-2020) તથા સ્કિલ ઈન્ડિયા મિશનને અનુરૂપ આ કેન્દ્રો યુનિવર્સિટીઓ, એન્જિનિયરિંગ કોલેજો, પોલિટેકનિક સંસ્થાઓ અને સરકારી ITIમાં સ્થાપવામાં આવશે. આ કેન્દ્રો ઉદ્યોગલક્ષી કૌશલ્ય વિકાસ, સંશોધન અને નવીનતાના કેન્દ્ર તરીકે કાર્ય કરશે.

**સહકાર અને ટેક્નોલોજીનો અનોખો સમન્વય :** સમિટમાં જણાવવામાં આવ્યું કે આ ત્રણેય પહેલો સહકાર, ટેક્નોલોજી, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતાના સમન્વય દ્વારા ભારતમાં ડ્રોન ઈકોસિસ્ટમને મજબૂત બનાવશે. સાથે જ 'સહકારથી સમૃદ્ધિ' અને 'વિકસિત ભારત–2047'ના રાષ્ટ્રીય વિઝનને સાકાર કરવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપશે.

**RBI FSR–2026 : શહેરી સહકારી બેંકો વધુ મજબૂત અને સ્થિતિસ્થાપક બની**

# સ્ટ્રેસ ટેસ્ટમાં પણ સહકારી બેંકિંગ ક્ષેત્રની મજબૂત સ્થિતિ; ટિયર-1 યુસીબીઓનું પ્રદર્શન સૌથી શ્રેષ્ઠ

નવી દિલ્હીઃ ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા જાહેર કરાયેલા ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી રિપોર્ટ (FSR) – જૂન, 2026 અનુસાર નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન અર્બન કો-ઓપરેટિવ બેંકો (Urban Cooperative Banks – UCBs)ની નાણાકીય સ્થિતિમાં નોંધપાત્ર સુધારો નોંધાયો છે. સુધરેલી અસ્કયામતોની ગુણવત્તા, સારું ધિરાણ, પૂરતી મૂડી ક્ષમતા અને મજબૂત બેલેન્સ શીટના આધારે સમગ્ર શહેરી સહકારી બેંકિંગ ક્ષેત્ર વધુ સ્થિતિસ્થાપક (Resilient) બન્યું હોવાનું RBIએ જણાવ્યું છે.

અહેવાલ મુજબ માર્ચ 2026 સુધીમાં UCB ક્ષેત્રના કુલ ધિરાણ (Advances)માં વર્ષ દરમિયાન 9.6 ટકા વૃદ્ધિ નોંધાઈ હતી. આ વૃદ્ધિ શિડ્યૂલ્ડ અર્બન કો-ઓપરેટિવ બેંકો (SUCBs) તેમજ નોન-શિડ્યૂલ્ડ અર્બન કો-ઓપરેટિવ બેંકો (NSUCBs) બંનેમાં જોવા મળી હતી. અસ્કયામતોની ગુણવત્તામાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. ગ્રોસ નોન-પરફોર્મિંગ એસેટ્સ (GNPA) ઘટીને 5.2 ટકા અને નેટ નોન-પરફોર્મિંગ એસેટ્સ (NNPA) ઘટીને 1.0 ટકા રહ્યા છે. મોટા ઉધારકર્તાઓના ખાતાઓમાં પણ સુધારો નોંધાયો છે અને તેમનો GNPA દર ઘટીને 8.2 ટકા થયો છે. સાથે જ પ્રોવિઝન કવરેજ રેશિયો (PCR) વધીને 97.8 ટકા થયો છે, જે બેંકો દ્વારા તણાવગ્રસ્ત અસ્કયામતો સામે વધુ મજબૂત જોગવાઈઓ કરવામાં આવી હોવાનો સંકેત આપે છે.

મૂડી પર્યાપ્તતાના માપદંડમાં પણ તમામ ચાર નિયમનકારી શ્રેણીની UCBs મજબૂત સ્થિતિમાં રહી છે. સમગ્ર ક્ષેત્રનો સરેરાશ કેપિટલ ટુ રિસ્ક-વેઈટેડ એસેટ્સ રેશિયો (CRAR) 17.7 ટકા રહ્યો હતો, જે RBIની લઘુત્તમ નિયમનકારી મર્યાદા કરતાં નોંધપાત્ર રીતે વધુ છે.

ટિયરવાર વિશ્લેષણ મુજબ ટિયર-1 અર્બન કો-ઓપરેટિવ બેંકો તમામ ચાર શ્રેણીઓમાં સૌથી વધુ નફાકારક રહી છે. આ બેંકોએ રિટર્ન ઓન ઈક્વિટી (RoE), રિટર્ન ઓન એસેટ્સ (RoA) અને નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM) જેવા મુખ્ય સૂચકાંકોમાં શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું છે. ટિયર-1 UCBsનો CRAR 20.0 ટકા રહ્યો હતો, જ્યારે ટિયર-2 અને ટિયર-3 UCBsએ અનુક્રમે 18.2 ટકા અને 18.0 ટકા CRAR નોંધાવ્યો હતો. ટિયર-4 UCBsનો CRAR 15.9 ટકા રહ્યો હતો, જે તેની માટે નિર્ધારિત નિયમનકારી મર્યાદા કરતાં વધુ છે.




અહેવાલમાં જણાવાયું છે કે વર્ષ દરમિયાન નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ (NII)માં 2.4 ટકા વૃદ્ધિ નોંધાઈ હતી અને નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM)માં પણ સુધારો થયો હતો. જોકે રિટર્ન ઓન એસેટ્સ (RoA) ઘટીને 0.6 ટકા અને રિટર્ન ઓન ઈક્વિટી (RoE) ઘટીને 6.3 ટકા રહ્યા હોવાનું પણ નોંધાયું છે.

RBI દ્વારા ₹500 કરોડથી વધુ અસ્કયામતો ધરાવતી 194 અર્બન કો-ઓપરેટિવ બેંકો પર કરવામાં આવેલા સ્ટ્રેસ ટેસ્ટમાં સમગ્ર UCB ક્ષેત્રની કુલ અસ્કયામતોના આશરે 71 ટકાનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું. પરીક્ષણમાં જાણવા મળ્યું કે અત્યંત ગંભીર તણાવપૂર્ણ પરિસ્થિતિમાં પણ સમગ્ર ક્ષેત્રનો સંયુક્ત CRAR નિયમનકારી લઘુત્તમ મર્યાદાથી ઉપર રહેશે. જોકે

અનુસંધાન પાના નંબર : 2

**4,000 કરોડની વિસ્તરણ યોજના સાથે 3,500 રોજગાર સર્જવાનો લક્ષ્ય**

# ULCCS દ્વારા ગ્રીન એનર્જી અને પ્રીમિયમ ડિઝાઇન ક્ષેત્રમાં નવા વેન્ચર્સનો પ્રારંભ

કેરાલા : એશિયાની અગ્રણી લેબર કો-ઓપરેટિવ સંસ્થા Uralungal Labour Contract Co-operative Society (ULCCS) એ પોતાના કાર્યક્ષેત્રમાં વૈવિધ્ય લાવતાં ગ્રીન એનર્જી અને પ્રીમિયમ ડિઝાઇન ક્ષેત્રમાં પ્રવેશ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. સંસ્થાએ બે નવા બ્રાન્ડ — UL Actant અને UL N'Shore — લોન્ચ કરીને ભવિષ્યલક્ષી ઉદ્યોગોમાં પગલું મૂક્યું છે. આ સાથે સંસ્થાએ ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ, નવીનીકરણીય ઊર્જા અને પ્રીમિયમ ઈન્ટીરિયર સોલ્યુશન્સ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. આ વિસ્તરણ હેઠળ આગામી દસ વર્ષમાં કુલ ₹4,000 કરોડના વ્યાપાર અને અંદાજે 3,500 સીધી અને આડકતરી રોજગારી સર્જવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. આ પહેલ ULCCS દ્વારા 2025માં તેના શતાબ્દી વર્ષ દરમિયાન શરૂ કરાયેલા 'U-Sphere' (EPC બ્રાન્ડ)ને વધુ મજબૂતી આપે છે.

આ પ્રસંગે સંસ્થાના પ્રતિનિધિ શ્રી રેમેશાન પાલેરીએ જણાવ્યું કે ULCCS ની મૂળભૂત વિચારધારા શ્રમિક સશક્તીકરણ અને સામાજિક સમાનતાને પ્રોત્સાહિત કરવાની રહી છે. નવા વેન્ચર્સ દ્વારા આધુનિક ક્ષેત્રોમાં રોજગારના નવા અવસર ઊભા કરવામાં આવશે, જે સંસ્થાના આ મૂળ મિશનને આગળ વધારશે.

UL Actant ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ અને ગ્રીન એનર્જી ક્ષેત્ર પર કેન્દ્રિત છે અને તેમાં આગામી વર્ષોમાં ₹2,000 કરોડની આવક તથા આશરે 1,500 રોજગાર સર્જાવાની શક્યતા છે. આ વિભાગ ઈલેક્ટ્રિકલ કંટ્રોલ સિસ્ટમ, એક્સ્ટ્રા લો વોલ્ટેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ, CCTV નેટવર્ક અને ડેટા કનેક્ટિવિટી જેવી સેવાઓ પૂરી પાડશે. સાથે જ સોલાર ઈન્સ્ટોલેશન અને અન્ય નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટ્સ પર પણ ખાસ ધ્યાન આપવામાં આવશે.

UL N'Shore પ્રીમિયમ ઈન્ટીરિયર ડિઝાઈન અને ટર્નકી સોલ્યુશન્સ માટે રચાયેલ છે, જે રહેણાંક, વ્યાપારી અને સંસ્થાગત ક્ષેત્રોને આવરી લેશે. આ વિભાગ મોડ્યુલર ફર્નિચર, ઈન્ટિગ્રેટેડ ડિઝાઈન અને ઓફિસ ફિટ-આઉટ સેવાઓ પૂરી પાડશે અને સસ્ટેનેબલ તેમજ બાયોફિલિક ડિઝાઈન પર ભાર મૂકાશે. આ વેન્ચરથી પણ ₹2,000 કરોડની આવક અને લગભગ 2,000 રોજગાર સર્જાવાની અપેક્ષા છે.

ULCCS, જેની સ્થાપના એક સદીથી વધુ પહેલાં થઈ હતી, એ આજે એશિયાની સૌથી મોટી લેબર કો-ઓપરેટિવ તરીકે ઓળખાય છે અને અત્યાર સુધી 7,500થી વધુ પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે. નવા ક્ષેત્રોમાં આ પ્રવેશ સંસ્થાની વિકાસયાત્રામાં મહત્વપૂર્ણ મક્કમ પગલું સાબિત થશે.

**ગુજરાતમાં 'ભારત ટેક્સી'નું લોન્ચિંગ; સહકારી પરિવહન ક્ષેત્રે નવા યુગની શરૂઆત**

# પરિવહન ક્ષેત્રે સહકારી મોડલ દ્વારા શોષણ મુક્ત, પારદર્શક અને ન્યાય સંગત વ્યવસ્થા ઊભી થશે : શ્રી અમિતભાઈ શાહ






ગાંધીનગરઃ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતમાં સહકારી ધોરણે કાર્યરત પરિવહન પ્લેટફોર્મ 'ભારત ટેક્સી'નું લોન્ચિંગ કરીને દેશના પરિવહન ક્ષેત્રમાં સહકારી મોડલના નવા અધ્યાયની શરૂઆત કરાવી છે. હાલમાં અમદાવાદ, સુરત અને રાજકોટ સહિતના મુખ્ય શહેરોમાં આ સેવા શરૂ કરવામાં આવી છે, જેમાં ટુ-વ્હીલર, ઓટો-રિક્ષા અને ફોર-વ્હીલર વાહનોનો સમાવેશ થાય છે.

લોન્ચિંગ પ્રસંગે શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, ભારત ટેક્સીનો મુખ્ય હેતુ એપ આધારિત પરિવહન વ્યવસ્થામાં લોકોની માલિકી ધરાવતું સહકારી વિકલ્પ ઊભું કરવાનો છે. આ મોડલમાં ડ્રાઈવરોને માત્ર સેવા પ્રદાતા તરીકે નહીં પરંતુ 'સારથી' તરીકે સહકારી સંસ્થાના સભ્ય અને સહ-માલિક તરીકે સ્થાન આપવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે, ભારત ટેક્સી માત્ર

**સાત લાખથી વધુ 'સારથીઓ' જોડાયા, દેશભરમાં 500થી વધુ શહેરોમાં વિસ્તરણની યોજના :શ્રી અમિતભાઈ શાહ**

અનુસંધાન પાના નંબર : 2

# ઈથેનોલ અને હરિત ઊર્જા ક્ષેત્રના વિકાસ મુદ્દે એનએફસીએસએફના પ્રતિનિધિમંડળે કેન્દ્રીય મંત્રીશ્રી નીતિન ગડકરી સાથે કરી ચર્ચા

નવી દિલ્હીઃ નેશનલ ફેડરેશન ઑફ કો-ઓપરેટિવ શુગર ફેક્ટરીઝ લિમિટેડ (NFCSF)ના પ્રમુખ શ્રી હર્ષવર્ધન પાટીલ અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રકાશ નાઈકનાવરેના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરી સાથે નવી દિલ્હી ખાતે તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હતી. બેઠક દરમિયાન ભારતના ખાંડ ઉદ્યોગ, ઈથેનોલ ઉત્પાદન, બાયો-ઊર્જા અને હરિત ઊર્જા ક્ષેત્રના વિકાસને લગતા વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

પ્રતિનિધિમંડળે ઈથેનોલ મિશ્રણ (Ethanol Blending), બાયોફ્યુઅલ, ટકાઉ પરિવહન (Sustainable Mobility) તેમજ સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ (SAF)ના વિકાસ દ્વારા દેશની ઊર્જા સુરક્ષાને વધુ મજબૂત બનાવવામાં સહકારી ખાંડ ઉદ્યોગની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે ભારપૂર્વક રજૂઆત કરી હતી.

બેઠકમાં શેરડીના ખેડૂતોની આવકમાં વધારો, સહકારી ખાંડ મિલોની લાંબા ગાળાની આર્થિક સ્થિરતા અને બાયો-ઊર્જા આધારિત ઉદ્યોગોના વિસ્તરણ માટે જરૂરી નીતિગત સુધારાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

પ્રતિનિધિમંડળે કેન્દ્ર સરકારને ઈથેનોલ ઉત્પાદનના વિસ્તરણ, હરિત ઊર્જા પહેલોને વધુ પ્રોત્સાહન અને બાયોફ્યુઅલ ક્ષેત્રમાં સહકારી સંસ્થાઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે સતત નીતિગત સહયોગ જાળવી રાખવા વિનંતી કરી હતી.

શ્રી હર્ષવર્ધન પાટીલે જણાવ્યું કે સહકારી ખાંડ ઉદ્યોગ માત્ર ખાંડના ઉત્પાદન પૂરતો મર્યાદિત નથી, પરંતુ

અનુસંધાન પાના નંબર : 2



Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 20-07-2026